બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮)

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, દસમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ વ્યાપકાનંદ સ્વામી - મહારાજને (૩/૧૫) ➪ મરેલી ઘોડીને સજીવન કરીને દર્શને આવેલા સ્વામી માટે મહારાજ ખીમબાઈને કહે છે 'અમારા પ્રભુ આવ્યા છે તેમના માટે થાળ કરો' એવું કહ્યું ત્યારે.

૨. ➪ રાણો રાજગર - માને (૧૮/૫૪) ➪ રાણો દેહ મૂકવા તૈયાર થયો ત્યારે તેની માએ કહ્યું કે મારું શું ? ત્યારે.

૩. ➪ કેશાબા - મહારાજને (૨૩/૬૩) ➪ તડકે ઘઉં નાખતા કેશાબાને મહારાજે પૂછયું, ''શું કરો છો ?'' ત્યારે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. કાશીદાસની હવેલી બળી ત્યારે મહારાજ ગઢપુરમાં પોતાના હાથ ઘસવા લાગ્યા અને થોડી વારમાં મહારાજના હાથમાં ફોલ્લા પડ્યાં. ત્યારે મહારાજે કહ્યું કાશીદાસનું ઘર સળગ્યું હતું તે અમે ઓલવવા ગયા હતા. (૧૨/૩૦)

૨. અગણોતેરા દુકાળમાં ધન-ધાન વગર પીડાતો સગરામ અને તેની સ્ત્રી મુક્તાનંદ સ્વામી પાસે જવા નીકળ્યા. રસ્તામાં પડેલા શેર ભારના રૂપાના તોડામાં સ્ત્રીનું મન ન લોભાય તેથી સગરામે તેની ઉપર ધૂળ વાળી. સ્ત્રીએ આ વાત જાણી ત્યારે કહ્યું અરે તમે ધૂળ ઉપર ધૂળ શું વાળી ! પારકી વસ્તુને તો હું ધૂળ જ સમજું છું. આથી સગરામ ઝાંખો પડી ગયો, પણ મનમાં રાજી થયો. (૨/૧૨)

૩. દૂબળી ભટ્ટ પાસે ગામમાં ઘર કે સીમમાં ખેતર ન હતું. યજમાનવૃત્તિ કરતાં જે થોડી ઘણી મૂડી ભેગી થઈ હતી તે બધી મહારાજના ચરણોમાં ધરી દીધી. માટે શ્રીજીમહારાજે ગોપીનાથ મહારાજની જય બોલાવી. (૧૫/૩૫)

**પ્ર.૩ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. નેનપુરના દેવજી ભગત (૯/૨૨) :-** દેવજીભાઈ મહારાજના એકાંતિક ભક્ત હતા. તેમનાં પત્ની પણ એવાં જ ભક્ત હતા. તેમનો દીકરો મહારાજને અખંડ દેખે. તેનાં લગ્નનાં માંગાં આવવા લાગ્યા ત્યારે માબાપને થયું પરણાવીશું તો મૂર્તિનું સુખ મટી જશે. માટે મહારાજની ઈચ્છાથી દીકરો ધામમાં ગયો. બંને જણા રાજી થયા. દેવજી ભગતે પત્નીને ઘીનો ગાડવો લઈને ગઢડા મોકલ્યાં. પોતે ખેતરે ગયા. મહારાજે પટલાણીને પૂછયું, 'પટેલ સુખી તો છે ને ?' 'હા મહારાજ ! એ તો વધુ સુખી થયા.'. માંડીને વાત કરી. દરબારમાં હીરુબા ધામમાં ગયાં હતાં તેથી શોક હતો. મહારાજે ભગતની સમજણ વખાણીને બધાનો શોક દૂર થયો. એકવાર કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી નેનપુર પધાર્યા. મહારાજનાં લીલાચરિત્રો અને મહિમાની વાતો બાર વાગ્યા સુધી કરી. દેવજીભાઈએ સંતોને સૂવાનું કહ્યું ત્યારે સંતોએ કહ્યું તમે ક્યારે સૂશો ? ત્યારે દેવજીભાઈએ કહ્યું હું તો ખેતરે આંટો દઈ બસો માળા ફેરવીશ અને નિંદરને બોલાવીશ ત્યારે આવશે. આવા એકાંતિક ભક્ત દેવજીભાઈ હતા.

**૨. સચ્ચિદાનંદ સ્વામી (૨૧/૫૭) :-** જામનગર પાસે મોડા ગામના ભક્તરાજ દાજીભાઈ વાઘેલા ક્ષત્રિય હતા. તેઓ જડભરત જેવી ઉન્મત્ત દશામાં રહેતા. મહારાજનો યોગ થતાં તેમની વૃત્તિ મહારાજમાં ચોંટી જવાથી સાધુ થવાની ઈચ્છાથી મહારાજ પાસે ભાગી જતાં. કુંટુંબીઓએ તેમના પગમાં બેડી પહેરાવી. ઓરડામાં પૂરી દીધા ત્યારે મહારાજને સંભારતા. મહારાજ પધાર્યા. બેડી તોડી નાખી અને ગઢપુર લઈ જઈ દીક્ષા આપી 'સચ્ચિદાનંદ' નામ પાડ્યું. મહારાજનો વિયોગ સહન ન થતાં રૂવાંડે રૂવાંડે લોહીના ટશિયા ફૂટતાં. જેવો પ્રેમ, તેવો જ ખપ. તેઓ કહેતા ''મારા પગ કાપી નાંખે તો હું ઢસડાતો ઢસડાતો, જ્યાં સાધુનો એંઠવાડ નાખે છે ત્યાં બેસું એંઠવાડ ખાઈ સત્સંગમાં રહું.'' ચતુર્માસમાં મહારાજ સૌ સંતોને નિયમ આપતા ત્યારે તેમણે ચાર માસ સુધી સૂવું નહિ અને રાત્રે પલાંઠીવાળી સાથળ ઉપર બે પથ્થર રાખી મહારાજનું ધ્યાન ભજન કરવું એવો નિયમ લીધો. એક વખત દુકાળમાં હરિભક્તો મહારાજ પાસે વરસાદ માટે આવ્યા. મહારાજે કહ્યું ઈન્દ્ર કોપ્યો છે વરસાદ નહીં વરસે. જાણી મૂંઝાયેલા હરિભક્તો સ્વામી પાસે આવ્યા. સ્વામીએ કહ્યું મહારાજની મરજી વિના મારાથી કાંઈ થાય નહિ. હરિભક્તો કહે અમે અપરાધ માથે લઈશું. દયાળુ સ્વામીએ ઈન્દ્રને લાત મારી જગાડી વરસાદ વરસાવવા કહ્યું. પુષ્કળ વરસાદ થયો. આ વાતની મહારાજને ખબર પડતાં તેઓને વિમુખ કર્યા. સ્વામીએ ઘેલા કાંઠે બેસીને ભજન શરૂ કર્યું. તરસ બહુ લાગી પણ ભજન છોડ્યું નહિ આ બાજુ મહારાજ અક્ષર ઓરડીમાં તરસથી પીડાવા લાગ્યા. બ્રહ્મચારીએ પાણી પાયું પણ મહારાજની તરસ છીપી નહિ ત્યારે મહારાજે કહ્યું પેલા

તરસ્યાને પાણી પાઓ. સ્વામીને પાણી પાતાં તરત જ મહારાજની તરસ છીપી આવી એમને મહારાજની સાથે એકતા હતી. મહારાજના અંતિમ સમયે સ્વામી મહારાજની પહેલાં નાડી પ્રાણ છોડી ધામમાં ગયા. મહારાજે દેહમાં પાછા જવાની આજ્ઞા કરી ત્યારે તેમણે કહ્યું મારાથી દેહમાં નહીં રહેવાય. સ્વામીએ મહારાજને બહુ વિનંતી કરી ત્યારે મહારાજે પ્રસાદીનું જળ પાયું અને છ માસમાં તેડી જવાનું વચન આપ્યું ત્યારે સ્વામી દેહમાં આવ્યા. આવો મહારાજ પ્રત્યે તેમનો પ્રેમભાવ હતો.

**૩. ભુજનાં લાધીબાઈ (૧૪/૩૨) :-** ભુજનાં લાધીબાઈ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા બાદ શ્રીજીમહારાજ ભુજ પધાર્યા. ત્યારે મહારાજે લાધીબાઈને બોલાવવા એક હરિભક્તને મોકલ્યા ત્યારે લાધીબાઈએ કહ્યું :'સ્વામી તો એક રામાનંદ જ, મારે દર્શને નથી આવવું.' પછી મહારાજે કહેવરાવ્યું કે અમે પણ રામાનંદ સ્વામીના જ શિષ્ય છીએ માટે આપણે ગુરુભાઈ છીએ, માટે મળવા આવો. પછી આવ્યાં. મહારાજનાં દર્શન કરી ઘરે જતાં રસ્તામાં રઘુનાથજીનું મંદિર આવ્યું. અહીં દર્શન કરવા ગયાં, ત્યાં તેમને રઘુનાથજીની મૂર્તિમાં મહારાજ દેખાયા. આ દિવ્ય દર્શનથી તેમને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો. એક વખત મહારાજને જમવાનું આમંત્રણ આપ્યું. મહારાજ કહે, 'રોટલો ને મરચાનો ગોળો જમીશું.' લાધીબાઈએ પાટલા ને બાજઠ ઢાળ્યા. રોટલો ને મરચાંનો ગોળો મહારાજને ધર્યો. થોડી વારે શીરા-પૂરીનો થાળ લાવ્યા. મહારાજ પ્રેમથી આરોગવા લાગ્યા. ત્યાં જ દર્શન કરતાં લાધીબાઈને સમાધિ થઈ ગઈ. અક્ષરધામમાં દિવ્ય સિંહાસન પર મહારાજ બિરાજ્યા છે. અનંત મુક્તો ને રામાનંદ સ્વામી મહારાજની આસપાસ સેવામાં છે. રામાનંદ સ્વામી કહે છે, 'તારે ઘરે જમે છે, તે જ આ પુરુષોત્તમ નારાયણ છે.' મહારાજની દૃષ્ટિ થતાં સમાધિમાંથી જાગૃત થયાં. મનમાં નિર્ણય કર્યો કે મહારાજ જે કહે તે કરવું. મહારાજે તેમની દૃઢતા જોવા આજ્ઞા કરી કે 'તમે સાડલો ને ચૂડલો પહેરી, કપાળમાં ચાંદલો કરી, સેંથો પાડીને ભડને નાકેથી પાણીનું બેડું ભરીને અહીં લાવો.' વિધવા હોવા છતાં સુવાસિની જેવો વેશ ધારી કીર્તન ગાતાં ગાતાં પાણી ભરી લાવ્યાં. કોઈકે પૂછ્યું, 'લાધી ! કોનું ઘર માંડ્યું ?' ત્યારે કહે, 'પુરુષોત્તમ નારાયણનું!' આમ, કેફમાં જવાબ દીધો. મહારાજ બહુ રાજી થયા.

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧.** શિક્ષાપત્રી પાળનાર ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે. (૧/૧)
**૨.** જેમ-તેમ, જેવું-તેવું, જ્યારે-ત્યારે ચલાવી લેવાનો પાઠ સમૈયામાં મળે છે. (૧૬/૩૭)
**૩.** પ્રબોધિની એકાદશીએ મહારાજે મહાદીક્ષા લઈ 'સહજાનંદ સ્વામી' તથા 'નારાયણ મુનિ' બે નામ ધારણ કર્યાં.(૧૬/૪૧)
**૪.** ગુરુના ગુરુનું વૃત્તાંત-ચરિત્ર જોવું, ગુરુનું પોતાનું વર્તન જોવું અને તેમના શિષ્યોનું વર્તન જોવું. (૧૦/૨૫)
**૫.** પ્રભાશંકર લગ્ન કરવાનું મૂકી ડભાણના યજ્ઞમાં આવ્યા. (૨૦/૫૭)

**પ્ર.૫ નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**'કરોડ રૂપિયા ખર્ચે પણ આવા સાધુ મળે નહિ ને કરોડ રૂપિયા દેતાં પણ આ વાતુ મળે નહિ ને કરોડ રૂપિયા આપતાં પણ મનુષ્ય દેહ મળે નહિ. ને આપણે પણ કરોડ જન્મ ધર્યા છે પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી. નીકર શું કરવા દેહ ધરવો પડે ?' (૨૪/૬૫)**

ધર્મ, જ્ઞાન વૈરાગ્ય ને માહાત્મ્ય સહિત ભક્તિવાળા સંત મળવા દુર્લભ - એમના મુખની વાતો - આપણું અજ્ઞાન - મનુષ્યદેહ મળવો દુર્લભ - ચોરાશી લાખ યોની - એક આંધળો માણસ રાજાના કંઈક વાંકમાં - આંધળાને શી સજા - આ શહેરમાંથી બહાર નીકળવાની - તું કોટની દિવાલે - બારી આવે ત્યારે બહાર નીકળજે - આંધળો જ્યાં બારી આવી - ત્યાં માથે ખંજવાળ આવી - ચાલતો ચાલતો ખણવા લાગ્યો - ત્યાં બારી જતી રહી - ફરી દિવાલ - ફરી વાર બાર ગાઉનો ચકરાવો રહ્યો.

આ મોંઘો મનુષ્યદેહ મળ્યો છે. તેમાં આવા સંત મળ્યા તે મોટી વાત તેમને ઓળખી લેવા. તેમની વાતો સાંભળવી અને અજ્ઞાન કાઢી નાંખવું.

**(અથવા)**

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૬ (વિવેકી-અવિવેકીનું) (૧૯/૫૫)**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે આધ્યાત્મિક વિવેક સમજાવ્યો છે. પોતાનામાં ઘણા અવગુણો હોવા છતાં મનુષ્ય તેની સામી દૃષ્ટિ કરતો નથી પરંતુ બીજાનો અલ્પ જેવો અવગુણ હોય તે પોતે મોટો કરી બતાવે છે. સૂરદાસે પણ કહ્યું છે, 'મો સમ કૌન કુટિલ ખલ કામી'. તેમને હંમેશા પોતાનો જ અવગુણ દેખાતો. આપણો અવિવેક કાઢવા ભગવાનના સાધુ આપણને વઢે કે ટોકે તો પણ તેનો આપણે અવગુણ ન લઈએ અને એમ સમજીએ કે તેઓ મારા સારા સારું જ કહે છે - એમ માનનો ત્યાગ કરી સંતના વચનમાં વિશ્વાસ રાખીએ તો અવિવેક ટળી જાય અને સત્સંગમાં વૃદ્ધિ પામીએ.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. એકાન્તિકં સ્થાપયિતું ધરાયાં ધર્મં પ્રકુર્વન્તમમૂલ્યવાર્તાઃ ।
વચઃસુધાશ્ચ પ્રકિરન્તમૂર્વ્યાં શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ (૬/૧૮)

૨. વલ્કલ વસ્ત્ર ધરી, પુલ્હાશ્રમે રહ્યા, બ્રહ્મરૂપ તેજ કરી, મોટા જોગી થયા. નિજ સ્વરૂપે સમજાવતા હો...... (૨૫/૭૧)

૩. પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી. પરમ કૃપાળુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી...... (૪/૧૬)

૪. ગુજરાતી ભાષાતંર : ગંગા પાપને હરે છે, ચંદ્રમા તાપને હરે છે, કલ્પવૃક્ષ દરિદ્રતાને હરે છે પરંતુ મહાન સત્પુરુષો પાપ, તાપ અને દરિદ્રતા એ ત્રણેયનો નાશ કરે છે.(૨૨/૬૦)

**(વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ વિહારીલાલજી મહારાજ (આચાર્ય મહારાજ) - ડુંગર ભક્તને (૭/૧૩) ➪ ડુંગર ભક્તના પિતા તેમને લઈને સુરતથી વરતાલ આવ્યા. અહીં તેમણે વિહારીલાલજી મહારાજને ફરિયાદ કરી કે તમારા સાધુ મારા છોકરાને બગાડે છે ત્યારે

૨. ➪ જાગા ભક્ત - સ્વામીશ્રીને (યજ્ઞપુરુષદાસજીને) (૧૮/૩૩) ➪ જ્યારે સ્વામીશ્રી કોઠારી જીભાઈને એકાંતમાં બોલાવીને જાગા ભક્તનો મહિમા કહી તેમની બંધી તોડાવી પછી સ્વામીશ્રી જાગા ભક્તને મળીને દંડવત કરવા લાગ્યા ત્યારે.

૩. ➪ નારાયણસ્વરૂપદાસ - સ્વામીશ્રી અને સૌ સંતોને (૫૫/૯૦) ➪ નારાયણસ્વરૂપદાસને સ્વામીશ્રીએ પોતાની જગ્યાએ સંસ્થાના પ્રમુખ તરીકેની નિમણૂક કરી ચાદર ઓઢાડી ત્યારે તેઓ સ્વામીશ્રીને દંડવત્ કરી, સૌ સંતોને પ્રણામ કરતાં કહે છે.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ડુંગર ભક્તને ભણીને પરતંત્ર રહેવાની અમલદાર તરીકેની નોકરી જોઈતી ન હતી. તેમને તો વિદ્વાન સાધુ થઈને ઘણાને બ્રહ્મવિદ્યા ભણાવવી હતી. (૫/૧૦)

૨. સ્વામીશ્રીએ મોતીભાઈને સારંગપુર મંદિરનું કીર્તન બનાવવાનું કહ્યું અને તેમને સમાધિમાં ત્રણ શિખરનું ભવ્ય મંદિર સોનાના કળશ સહિત, ધામ-ધામી અને મુક્તની પ્રતિમા અને સિંહાસન સહિત મંદિરના દર્શન કરાવ્યાં અને મોતીભાઈના મુખમાંથી 'શ્રી સારંગપુરની શોભા સજી અતિ સારી...' એવી કીર્તનની કડીઓનો પ્રવાહ વહેવા લાગ્યો. (૩૬/૬૩-૬૪)

૩. વરતાલ સાથે સમાધાનની વાત ચાલતી હતી ત્યારે દ્વેષી સાધુઓએ યુક્તિ કરીને આચાર્યને સમજાવ્યું કે સમાધાન થાય એમાં અમે બહુ રાજી છીએ. યજ્ઞપુરુષદાસજી જેવા વિદ્વાન સંત વરતાલમાં ભળે તો સત્સંગ બહુ વધી જાય. યજ્ઞપુરુષદાસજીના મંદિરો અધૂરાં છે. તેથી આપણે નકામું બે-ત્રણ લાખનું ખર્ચ કરવું પડે. તેમનાં મંદિરો પૂરા થઈ જાય પછી જ સમાધાન કરવું. આચાર્યને આ વાતમાં વિશ્વાસ બેસી ગયો અને સમાધાનની વાત પડતી મુકાઈ. (૪૩/૭૩)

**પ્ર.૯. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. અજાતશત્રુ (૩૦/૫૨) :-** અક્ષર અને પુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા માટે સ્વામીશ્રીએ અનેક ઉપાધિ સહન કરી. અને તેમને અંતરમાં એક જ દુઃખ હતું કે શ્રીજીમહારાજના મહાપ્રસાદીના સ્થાનમાં શુદ્ધ ઉપાસનાની વાત થઈ શકતી ન હતી. સ્વામીશ્રી પાંચ સંતો સાથે મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ આવ્યા, અને પ્રાર્થના કરી, 'હે મહારાજ! અમારે તો જુદા પડવાનો સંકલ્પ જ નથી, પણ જો આપ અમને અહીંથી જુદા પાડતા હો, તો આપ અમારી સહાયમાં રહેજો અને અખંડ ભેગા રહેજો.' આમ કહીને સ્વામીશ્રીએ વડતાલ છોડ્યું. ગામની બહાર પોલીસ પટેલ કિશોરભાઈ મળ્યા. તેમણે જાણ્યું કે 'સ્વામીશ્રીને વડતાલમાંથી બહાર નીકળવું પડ્યું છે'. એટલે તેઓ દોડતા મંદિર તરફ ગયા અને સ્વામીને પ્રણામ કરીને કહ્યું કે 'સ્વામી ! તમને જે જે ઉપાધિ કરતા હોય, તેમનાં નામ આપો. હું તેમને નડિયાદની જેલ ભેગા કરી દઉં.' સ્વામીએ તેમને કહ્યું, 'આપણે એવું કંઈ કરવું નથી. આપણે તો સાધુના ધર્મ પ્રમાણે અપમાનો સહન કરીને પણ સત્સંગ કરાવવો છે.' કિશોરભાઈ આ સાંભળીને સ્વામીશ્રીની સાધુતા પર નમી પડ્યા. સ્વામીશ્રી ત્યાંથી બોચાસણ પધાર્યા. અને સ્વામીશ્રી સાથેના સાધુઓ બધા જ શૂરવીર અને સ્વામીશ્રી માટે માથું આપે તેવા હતા. દેહના સુખને કે માન-અપમાનને ગણકારે તેવા ન હતા. તે સૌએ સ્વામીશ્રીને માટે ઘણી ઉપાધિ સહન કરી હતી. કોઈને માથે ધગધગતી ચૂલાની રાખ નાખવામાં આવતી, તો કોઈને મોટો સોયો ઘોંચવામાં આવ્યો હતો. છતાં તેઓએ કોઈને ફરિયાદ કરી ન હતી કે ઝઘડયા ન હતા. કેવળ સહન જ કર્યું હતું. આવા સંતોના પ્રેમભર્યા સાથથી સ્વામીશ્રીના કાર્યને ઘણો જ વેગ મળ્યો હતો.

**૨. પ્રાગજી ભક્તના યોગમાં (૧૦/૨૦) :-** સુરતમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠાના સમૈયામાં પ્રાગજી ભક્ત પધાર્યા હતાં. પ્રાગજી ભક્ત સીવતા જાય અને વાતો કરતા જતા હતા. સૌ એકધ્યાનથી તેમની કથા સાંભળતા હતા ત્યારે

યજ્ઞપુરુષદાસજીના મનમાં સંકલ્પ થયો. 'આ કોઈ અદ્‌ભુત પુરુષ લાગે છે. વાતો કરતા જાય છે, બધા સામે જોઈ કથા કરે છે અને સીવે પણ છે; બધી ક્રિયા એકસાથે કેવી રીતે કરતા હશે ?' તેમનો સંકલ્પ જાણીને ભગતજીએ કહ્યું : સાધુરામ! જીવ-પ્રાણી- માત્રને બે લોચન હોય છે. વિદ્યાવાનને ત્રણ લોચન હોય છે, ધર્મવાળાને સાત લોચન હોય છે અને જ્ઞાનીને અનંત લોચન હોય છે. તેથી હું તો આંગળીએ દેખું છું, બરડે દેખું છું, એમ બધે દેખું છું ત્યારે યજ્ઞપુરુષદાસજીને થયું મારા અંતરનો સંકલ્પ આ કેવી રીતે જાણી ગયા હશે ? નક્કી આ કોઈ મહાન પુરુષ છે. તેમણે મનમાં જ ભગતજીને ગુરુ કરી લીધા. મોડી રાત સુધી તેમની વાતો સાંભળતા. આસને આવીને જોડિયા સાધુ રામરતનદાસને જગાડી સાંભળેલી બધી જ વાતો કરતા. દિવસે પણ સમય મળતાં ભગતજીના શિષ્યો વિજ્ઞાનદાસ સ્વામી તથા પ્રભુદાસ કોઠારી પાસે બેસી વાતો સાંભળતા.

**૩. અડસઠ તીરથ (૪૪/૭૪) :-** સારંગપુરથી સ્વામીશ્રી આશી પધાર્યા, ત્યાં તેમની સાથે યોગીજી મહારાજ હતા. ટેવ પ્રમાણે યોગી સ્વામી સવારે વહેલા ત્રણ વાગે ઊઠી મધુર રાગે પ્રભાતિયાં ગાતા. એકવાર તેમણે નરસિંહ મહેતાનું પદ ''અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટી કાશી રે.'' તે ગાતા હતા. આ સાંભળીને મંદિરમાં સૂતેલા વૃદ્ધ રણછોડ ભગત અકળાયા. એ કહે, ''મહારાજ ! આવું ન ગાઓ. આ કળિયુગમાં આવા સંત હોતા નથી. માટે આવા ગપ્પા ન મારો.'' સ્વામી કહે, ' બહું સારું અમે બીજું ભજન ગાઈશું.' એમ કહી તેમણે બીજું ભજન ઉપાડ્યું. પણ તે જ રાત્રે સ્વામીશ્રી કથા કરી સૂતા. રણછોડ ભગત નીચે સૂતા. તેઓ વૃદ્ધ અને માંદા હતા તેથી તેમને બહુ ઊંઘ ન આવતી. સૌ સૂતા તેના એક કલાક બાદ ડેલી આપોઆપ ખૂલી ગઈ અને એક અતિ શ્વેત અને દૈવી દેખાય તેવી ગાય અંદર દાખલ થઈ. સ્વામી સૂતા હતા ત્યાં આવી. સ્વામીશ્રીનાં ચરણમાં માથું નમાવી ત્રણ વાર નમસ્કાર કર્યા. રણછોડ ભગતે આ જોયું. તેઓ ગાયની પાછળ ગયા. થોડીવાર ગાય દેખાઈ પછી તરત જ અદશ્ય થઈ ગઈ. તેમને ખાતરી થઈ ગઈ કે નક્કી અડસઠ તીર્થો ગાયનું રૂપ લઈને સ્વામીશ્રીનાં ચરણોમાં પાવન થવા આવ્યાં છે. સવારે યોગી સ્વામી જાગ્યા ત્યારે રણછોડ ભગતે સ્વામીને કહ્યું, ' મહારાજ ! પેલું અડસઠ તીરથવાળું કીર્તન ગાઓ.' સ્વામી કહે, ' કેમ ભગત, કાલે તો ના કહેતા હતા!' ભગત કહે, 'મને ગાય રૂપે ગંગાના દર્શન થયાં તેથી મારી ભ્રાંતિ ભાંગી ગઈ.' એમ કહી બધી વાત કરી અને કહ્યું કે 'સ્વામી તો બહુ સમર્થ પુરુષ છે.'

**પ્ર.૧૦ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧.** આ તમારો ભાઈ તો સાધુ થઈ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે અને કથાવાર્તા કરી, સંપ્રદાયને ઉત્તેજન આપી વૃદ્ધિ કરશે. (૨/૩)

**૨.** યજ્ઞપુરુષદાસજીએ દાજીભાઈ સાથે હરિકૃષ્ણ મહારાજનો પ્રસાદીનો મોગરાની કળીનો હાર તથા એક તુંબડી ભગતજી મહારાજ ભેટ મોકલાવી. (૧૩/૨૫)

**૩.** સંવત ૨૦૦૭ વૈશાખ સુદ ચોથે સારંગપુર મંદિરના રંગમંડપમાં ધામમાં ગયા. (૫૯/૯૪)

**૪.** અટલાદરામાં ૮૫મી જયંતિ (સુવર્ણ તુલાના) સમૈયામાં સ્વામીશ્રીની હાથી પર નગરયાત્રા નીકળી હતી. (૫૩/૮૬)

**૫.** અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ સૌ પ્રથમ વઢવાણ મંદિરમાં બિરાજમાન થઈ. (૨૫/૪૪)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ :૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૩ (૨૧/૩૮)  ૨. ૧, ૨ (૧૫/૨૮, ૧૭/૩૧)  ૩. ૧, ૩, ૪ (૪૨/૭૧, ૧૯/૩૪, ૩૮/૬૭)

**પ્ર.૧૨ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ ૬)**

**☞ નોંધ : - ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખ્યો હોય તો જ ગુણ આપવો.**

૧. **ખોટું** -✕ (૪/૭) જ. ડુંગર ભક્ત સ્વામિનારાયણ મંત્રનો જપ કરતા તેથી બીક ન લાગી.

૨. **ખોટું** -✕ (૯/૧૯) જ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે ડુંગર ભક્તને દીક્ષા આપી યજ્ઞપુરુષદાસ નામ પાડ્યું.

૩. **ખોટું** -✕ (૧૨/૨૪) જ. ભગતજીની આજ્ઞાથી શ્રીજીમહારાજનાં ચરણારવિંદની જોડ યજ્ઞપુરુષદાસે આપી દીધી.

૪. **ખરું** - ✓ (૨૨/૩૯)

૫. **ખોટું** -✕ (૫૧/૮૪) જ. ભાઈલાલભાઈ પટેલના આગ્રહથી શાસ્ત્રીજી મહારાજ વિદ્યાનગર પધાર્યા.

૬. **ખરું** - ✓ (૩૭/૬૪)

❑ ❑ ❑